ગાંધીનગર સમાચાર

સ્ટ્રીટ લાઇટની જાળવણી માટે નવી એજન્સીને જવાબદારી સોંપાશે

# જિલ્લાના ૨૯૧ ગામ અને ૪ શહેરોને જૂથ પાણી-પુરવઠા યોજના હેઠળ આવરી લેવાયા છે

## તમામ ગામોને પાણી પુરવઠો આપવા માટે લોકફાળાની જોગવાઈ રદ કરાઈ છે : રાજ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે માણસા તાલુકામાં પીવાના પાણી માટે પંચાયતોને અનુદાન અંગે કોંગીના શ્રી અમીત ચૌધરીએ પુછેલો પ્રશ્ન ચર્ચામાં આવ્યો હતો. ૧૦ મિનિટ સુધી આ પ્રશ્ન પર ચર્ચા ચાલી હતી.

કોંગીના શ્રી અમીત ચૌધરીએ રજુઆત કરી હતી કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ માણસા તાલુકામાં પીવાના પાણી ખૂબ જ ઊંડે ગયેલ હોઈ સરકાર દ્વારા કરવામાં આવતા કામો અંતર્ગત ૯૦:૧૦ની યોજના અંતર્ગત ગ્રામ પંચાયતો ૧૦ ટકા રકમ ભરવા સક્ષમ ના હોય તેવા કિસ્સામાં ગ્રામ પંચાયતોને અનુદાન આપવાની જોગવાઈ છે કે કેમ ? જેના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ ના જી જણાવ્યું હતુ.

શ્રી ચૌધરીએ રજુઆત કરતાં જણાવ્યું હતું કે ટ્રાયબલ વિસ્તારમાં આ જે સ્કીમ છે એમાં સરકાર સો ટકા ખર્ચ ભોગવે છે. ગાંધીનગર જિલ્લામાં પણ ઘણા એવા ગામ છે કે જે આખેઆખા ઓ.બી.સી. કે દલિતના હોય તો એવી જગ્યાએ પણ આપણે સો ટકા ખર્ચ કરવા જોઈએ ? બીજુ જ્યાં દસ ટકા ભરવાના હોય છે એ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આપણે આપી શકતા નથી તો એવી જોગવાઈ કરીએ કે ધારાસભ્યના ફંડમાંથી પણ આપણે દસ ટકા ભરી શકીએ તો ઘણી એવી પંચાયતો છે જે મજબુત નથી અને જેની પાસે ભંડોળ નથી પડ્યુ એને પણ થોડી રાહત મળી શકે.

રાજ્યમંત્રીશ્રી રાદડિયાએ ચૌધરીની રજુઆત પછી સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતુ કે આગામી ઉનાળાની સિઝનની અંદર દરેક ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા સારી રીતે થઈ શકે તે માટે તા. ૧૦-૩-૧૬ના રોજ સરકારે નિર્ણય કર્યો છે કે રાજ્યના તમામ ગામોમાં પીવાના પાણીને પ્રાથમિકતા આપી અને જે ગામની અંદર જૂથ યોજનાથી જોડાયેલુ ના હોય કે નર્મદા કે મહી પરિયોજનાનું પાણી ના આવતુ હોય એવા તમામ ગામોની અંદર ૧૦ ટકા જે લોકફાળો ભરવાનો હતો તેની સંપૂર્ણ માફી આપવામાં આવે છે અને તમામ ખર્ચ પાણી પુરવઠા વિભાગ ભોગવશે. રાજ્યના તમામ ગામોને આનો લાભ મળશે અને સો એ સો ટકા ગ્રાન્ટ સરકાર પાણી પુરવઠા બોર્ડને આપશે.

કોંગીના શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે અમારા પંથકમાં સો ટકા બોરથી પાણી આપીએ છીએ પણ ફલોરાઈડવાળુ પાણી આવે છે તેમજ સપ્તાહમાં સરેરાશ એ બોર નિષ્ફળ જતા હોય છે. તો આવા કિસ્સામાં સરકારે સમયગાળો નિયત કરી અને નિષ્ફળ બોર સામે તાત્કાલિક નવો બોર બનાવવા અંગે નીતિ બનાવવી જોઈએ.



**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

મંત્રીશ્રી રાદડિયાએ જણાવ્યુ હતુ કે આગામી ઉનાળાની સિઝનમાં જે ગામની અંદર બોર કરવાના આવતા હોય તેનો તાત્કાલિક સર્વે ભૂસ્તરશાસ્ત્રીએ કરી અને અહેવાલ આપવાની સૂચના અપાઈ છે. જે ગામોમાં બોર આધારિત પાણી આપવામાં આવે છે ત્યાં વહેલી તકે બોર કરી અને પાણી ગ્રામજનોને મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.

ભાજપના શ્રી અશોક પટેલે પ્રશ્ન કરતા જણાવ્યું હતું કે ૨૦૧૫-૧૬માં આ જિલ્લામાં બોર બનાવવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યમંત્રીશ્રી રાદડિયાએ ૨૦૧૫-૧૬ના આયોજનની વિગતો આપતાં જણાવ્યું હતું કે ગાંધીનગરમાં ૧૫ બોરની સંખ્યા હતી. તેમાં ૧૪ બોરનું સારકામ કરવામાં આવ્યુ હતુ અને તમામમાં સફળતા મળી છે. આ પૈકી ૧૧ ઉપર મશીનરી બેસાડી દેવામાં આવી છે. જ્યારે ૪માં કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. દહેગામમાં ૧૭ની સામે ૧૦ બોરનું સારકામ થયું

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના સાઈકલ શેરીંગ પ્રોજેકટનો ૧૯મીએ શુભારંભ





## ગુડા દ્વારા શહેરમાં વિવિધ ૧૦ ઠેકાણે સ્ટેન્ડ તૈયાર કરાયા છે. પ્રથમ ત્રણ માસ આમ નાગરિકોને વિના મુલ્યે સાઈકલ સવારી નસીબ થશે

ગાંધીનગર તા ૧૫

ગુડા દ્વારા આગામી તા ૧૯ માર્ચના રોજ સાયકલ શેરીંગ પ્રોજેકટનો પ્રારંભ કરવામાં આવશે. શહેરના માર્ગો પર ટુંકમાં જ ટ્રીન ટ્રીન.. કરતી સાઈકલો દોડતી જોવા મળશે. સાઈકલ શેરીંગ પ્રોજેકટ અન્વયે શહેરમાં વિવિધ ૧૦ ઠેકાણે સાઈકલ સ્ટેન્ડ પણ ઉભા કરવામાં આવ્યા છે. જયારે પ્રથમ ત્રણ માસમાં વિના મુલ્યે સાઈકલ સેવા પુરી પાડવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.

ગુડા દ્વારા છેલ્લા ઘણા સમયથી શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટનો અમલ કરવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. જયારે ગ્રીન સીટીમાં ટ્રીન ટ્રીન કરતી સાઈકલો દોડતી જોવા મળે તે માટે ગુડા દ્વારા વિવિધ ૧૦ ઠેકાણે સાઈસલ સ્ટેન્ડ બનાવાયા છે. જુના અને નવા સેકટરોમાં નાગરિકોને સાનુકુળતા રહે તે માટે નિયત ઠેકાણે સાઈકલો માટે સ્ટેન્ડ બનાવી દેવાયા છે. જયારે ગુડા દ્વારા ૧૦૦ જેટલી સાઈકલોની પણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. આમ નાગરિકોને પ્રથમ ત્રણ મહીના સુધી વિના મુલ્યે સાઈકલ સવારી નસીબ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કાઈપણ નાગરિક આઈ ડી પ્રુફ આપી સાઈકલ સવારીનો લાભ લઈ શકશે. ગુડા દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેકટ માટે મોટાભાગની તૈયારીઓ કરી દેવામાં આવી છે. આમછતા સાઈકલ પ્રોજેકટનો ઉદઘાટન સમારોહમાં વિલંબ થયો હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે નાગરિકો પણ સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી ઉત્સુક બન્યા છે. ત્યારે આગામી તા ૧૯ માર્ચના રોજ સાઈકલ શેરીંગ પ્રોજેકટની શરૂઆત કરી દેવામાં આવશે તેમ પણ મનાઈ રહયુ છે.



પાનખરનો પ્રભાવ - કુદરતની અકળ લીલાને સમજવી માનવજાત માટે ખૂબ જ અઘરી છે... લીલુછમ વૃક્ષ સુકૂભઠ બની જાય અને એને આપણે પાનખર કહીએ છીએ... સુખ અને દુઃખ, વસંત અને પાનખરની જેમ જ બદલાતા રહે છે... વૃક્ષ જીવન માટે સંદેશો આપે છે.... અને જીવનને આશાવાદી બનાવે છે... પાનખરનો પ્રભાવ ભલે ગમે તેવો કડક હોય પણ વસંતનો વૈભવ પાનખરને ભૂલાવે છે... શહેરના જૂના સેકટરમાં વયોવૃદ્ધ વૃક્ષ કેવું બિહામણું લાગે છે... એક પણ લીલુ પાન એની ડાળ પર નથી છતાંય અડીખમ ઉભું છે... પડકારો અને પ્રશ્નોની વચ્ચે અડગ ઉભા રહેવાનો સંદેશ આપતું આ વૃક્ષ પ્રેરક છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ગુડાના વહીવટીય અધિકારી તરીકે કમિશ્નરને ચાર્જ સોંપાયો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મ્યુનિ. કમિશ્નર શ્રી ડી.એન. મોદીને ગુડાના મુખ્ય વહીવટદાર તરીકેનો વધારાનો ચાર્જ સોંપવાના હૂકમ રાજય સરકારે કર્યા છે.

ગુડાના મુખ્ય વહીવટ અધિકારી તરીકે સુશ્રી સંધ્યા ભુલ્લરને વધારાના ચાર્જમાંથી મુક્ત કરી તેમના સ્થાને શ્રી મોદીને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

શ્રી મોદી કમિશ્નર ઉપરાંત ગુડાનો આ વધારાનો ચાર્જ કાલે સંભાળે તેવી શકયતાઓ છે.

# જિલ્લામાં ૨૨ હેક્ટરથી વધુ ગૌચરની જમીનમાં દબાણો થયા છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ગૌચર જમીન પર ૨૨ હેક્ટર ૧૮ આરે ૩૧ ચો.મી.માં ગેરકાયદે દબાણ થયેલા છે.

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલના અતારાંકિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ વિગતો આપતાં જણાવ્યું છે.

રાજ્યમાં ગૌચરની જમીન પર ૩૭૦૦ હેક્ટર, ૭૭ આરે, ૭૭ ચો.મી.માં ગેરકાયદે દબાણો થયેલા છે. સૌથી વધુ કચ્છમાં ગૌચરની જમીન પર દબાણ થયેલા છે.

પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ

● અનુસંધાન પાન-૭ પર

# આરોગ્યતંત્રના વર્તમાન ધારાધોરણ મુજબ જિલ્લામાં મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ નહિ થાય

## દસકામાં મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો : ડેન્ગ્યુના કેસોમાં વધારો થયો


**જોઈએ છે**

શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિરમાં નવા શૈક્ષણિક વર્ષથી પ્રાથમિક વિભાગ માટે ૧ વર્ષના શૈક્ષણિક કાર્યના અનુભવી પીટીસી શિક્ષિકા બહેનોની આવશ્યકતા છે.

ઉપરોક્ત જગ્યાની ભરતી માટે ઉમેદવારોએ નીચેના સરનામે પ્રમાણપત્રોની નકલ સાથે સાત દિવસમાં અરજી મોકલવી.

ટ્રસ્ટી શ્રી

**શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર**

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર,

સેક્ટર-૨૨, દેનાબેંક સામે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૪૫૨૨૩

Email ID : mltcgngr.yahoo.com


ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં મેલેરિયા વિરોધી દવા છંટકાવના વર્તમાન ધારાધોરણો મુજબ ગાંધીનગર જિલ્લામાં આ વખતે છંટકાવ થશે નહિ.

આમ સ્પ્રે મુક્ત જિલ્લો રાજ્યમાં ગાંધીનગર જિલ્લો બને છે. જિલ્લાએ આ સિદ્ધિ મેળવી છે જે ગૌરવપ્રદ છે.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા એક દસકાથી જે રીતે મેલેરિયાના કેસોમાં ઘટાડો નોંધાયો છે તે પણ તંત્રની એની લારવેલની કામગીરી અને જન જાગૃતિ અભિયાનની સફળતાને આભારી છે.

ગાંધીનગરમાં વાહકજન્ય ડેન્ગ્યુના કેસો વધ્યા છે પરંતુ મેલેરિયાના કેસો ઘટ્યા છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયા વિરોધી દવા છંટકાવ માટેના નિયત થયેલા ધારાધોરણોને લક્ષમાં લેતાં હાલ જિલ્લો ''સ્પ્રે ફ્રી ડિસ્ટ્રીક્ટ'' બન્યો છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળામાં જન જાગૃતિ અભિયાનમાં પોરાશોધક સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા શાળા કક્ષાએ યોજવા ઉપરાંત પપેટ શૉ, નાટ્ય શૉ, ભીંતસૂત્રો લખવામાં આવે છે. જિલ્લામાં અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ સગર્ભા મહિલાઓને દવાવાળી મચ્છરદાનીનું પણ વિતરણ તંત્ર દ્વારા દાન સ્વરૂપે મેળવી કરવામાં આવ્યું છે.

જિલ્લામાં અગાઉ ૨૭ જેટલા ગામો મેલેરિયાના હાઈરિસ્ક ઝોનમાં આવતા હતા અને ત્યાં મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ થતો હતો પરંતુ અભિયાનની સફળતાને પગલે આ વર્ષે માત્ર બે જ ગામોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં મેલેરિયાના કેસો ઘટ્યા છે પણ ડેન્ગ્યુના કેસો જે વધ્યા છે તે ચિંતાજનક છે એમ કહેવુ સ્હેજપણ અતિશયોક્તીભર્યુ નથી.



હોલી રે હોલી - હોળીના આગમનના પગલે શહેરના માર્ગો પર આજકાલ મારવાડી મહિલાઓ નાચગાન કરતી નજરે પડે છે... રાજસ્થાનમાં હોળીનો મહિમા વધતો જાય છે... રાજસ્થાની મહિલાઓ ગુજરાતમાં નાના જૂથોમાં ફરીને નાચગાન કરી હોળીની વધામણી માગે છે... **(તસવીર : વિનોદ રાઠોડ)**

# સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે નવી એજન્સીને જવાબદારી સોંપાશે

## સેકટરોમાં એલ ઇ ડી લાઇટનુ અજવાળુ પથરાય તે માટે પણ ટુંકમાં આયોજન આખરી થશે

ગાંધીનગર તા ૧૫

શહેરમાં સ્ટ્રીટ લાઇટની જાળવણીની વ્યવસ્થા છેલ્લા ઘણા સમયથી ખાડે ગઈ છે. સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે શહેરમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાય તે માટે આયોજન કરવામાં આવી રહયુ છે. ત્યારે સ્ટ્રીટ લાઈટની જાળવણીના કામ માટે નવી એજન્સીને નક્કી કરવા માટે પણ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ અસ્તિત્વ ધરાવે છે. સેકટરોમાં અજવાળુ પાથરવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં ઘણાંખરા સ્ટ્રીટલાઈટના થાંભલા ડુલ રહેતા હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સ્ટ્રીટલાઈટ પાછળ વિજબીલનો ખર્ચ પણ મોટો છે ત્યારે તંત્ર દ્વારા શહેરમાં એલ ઈ ડી લાઈટનો પ્રકાશ ઝળહળતો થાય તે માટે પણ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં સેકટરોમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે. જયારે હાલ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જવાબદારી ટોરેન્ટ પાવર સંભાળે છે. જો કે ટોરેન્ટ પાવરે સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે ઈનકાર કરતી દરખાસ્ત વિભાગને રજુ કરી દેવાયા બાદ નવી એજન્સીને કામ સોંપવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી મહીનામાં નવી એજન્સીને પણ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ સોંપી દેવામાં આવે તેવી શક્યતા છે. જયારે સેકટરોમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાય તે માટે પણ ટુંકમાં આયોજન આખરી કરી દેવાશે.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com